INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
**website :** www.incgujarat.com • **E-mail :** gpcc1234@gmail.com

અખબારી યાદી — તા. ૧૫-૨-૨૦૨૪

ખાદી ગ્રામ ઉદ્યોગના પૂર્વ ચેરમેન અને ગાંધીવાદી વિચારધારા સાથે સંકળાયેલા સ્વ. દેવેન્દ્રભાઈ દેસાઈના દુઃખદ નિધન અંગે ઘેરા શોકની લાગણી વ્યક્ત કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાંસદ શ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, શ્રી દેવેન્દ્રભાઈ દેસાઈ ખાદી ગ્રામોઉદ્યોગ તથા ગામડાના વિકાસ અને સહકારી ક્ષેત્રમાં છેલ્લા ૫૦ વર્ષથી સક્રિય હતા. ગુજરાત ખાદી ગ્રામોઉદ્યોગ જગતમાં તેમનું બહુમુલ્ય ફાળો રહ્યો છે. સ્વ. દેવેન્દ્રભાઈ દેસાઈના નિધનથી માત્ર સૌરાષ્ટ્રે નહિ પણ સમગ્ર ગુજરાતે પ્રખર ગાંધીવાદી, સમાજસેવક ગુમાવ્યા છે. સ્વ. દેવેન્દ્રભાઈ નિધન અંગે શ્રધ્ધાસુમન પાઠવીને તેમની સમાજ સેવાના કાર્યોને યાદ કર્યા હતા.

ખાદી ગ્રામ ઉદ્યોગના પૂર્વ ચેરમેન અને ગાંધીવાદી વિચારધારા સાથે સંકળાયેલા સ્વ. દેવેન્દ્રભાઈ દેસાઈના દુઃખદ નિધન અંગે શોકાંજલી પાઠવતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ અને વરિષ્ઠ ધારાસભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ જણાવ્યું હતું કે, દેવેન્દ્રભાઈ દેસાઈ નાની વયથી જ સામાજીક પ્રવૃત્તિ સાથે સક્રિયપણે કામ કરીને ખાદી ક્ષેત્રે સંસ્થાકિય માળખું મજબુત કરીને ખાદીના માધ્યમથી ગાંધીવિચારને લોકો સુધી પહોંચાડવાનું સક્રિય માધ્યમ બન્યા હતા. તેમના નિધનથી માત્ર સૌરાષ્ટ્રે નહિ પણ સમગ્ર દેશે ખાદી ક્ષેત્રના પ્રખર ગાંધીવાદી ગુમાવ્યા છે.

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા
મો. ૯૪૨૬૦૦૧૫૯૯